# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ સાધ્વી શિબિર યોજના ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# સાધ્વી - શિબિર યોજના

"સવિ જીવ કરું શાસન રસી"ની શુભ ભાવના ભાવતા અનંતાનંત તીર્થંકરોએ છેલ્લેથી ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ બાંધ્યું અને ત્યારબાદ છેલ્લા ભવમાં શાસનની સ્થાપના કર્યા બાદ અનેકાનેક જીવોને સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો. વર્તમાનમાં પણ પરમકૃપાળુ પરમાત્મા મહાવીરસ્વામીએ ૨૫૦૦ વર્ષ પૂર્વે આપણા સૌના હિત માટે શાસન રૂપી દીવડો પ્રગટાવ્યો. તે દીવડાની જ્યોતને અખંડિત રાખવા અનેક આચાર્ય ભગવંતાદિએ પોતાનાં બલિદાનો રૂપી તેલ પૂર્યું છે. હવે આપણી ફરજ શું? તે અંગે નીચેનો લેખ ખાસ વાંચવા વિનંતિ છે.

જૈનસંઘની આજની પરિસ્થિતિ તરફ નજર કરીએ તો એક વાત કહેવાનું મન થઈ જાય છે કે ભાવિ પેઢી આપણને ક્યારેય માફ નહિ કરે. આંખો રડી રડીને સૂજી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ આપણી આંખ સામે થઈ રહ્યું છે. ધર્મ અને સંસ્કૃતિની હાલત એવી થઈ છે કે ખુમારીથી ઉભરાતું હૃદય ઘણીવાર પોતાને જ ઓલંભો દેવા તૈયાર થાય છે. "હે હૃદય ! શા માટે તું બંધ થઈ જતું નથી ?" જ્યારે દિન-પ્રતિદિન બળાત્કારો આદિની વાતો સાંભળીએ છીએ ત્યારે મનને થાય છે કે "પ્રભુએ કાન ન આપ્યા હોત તો?" સિનેમા અને ટી.વી.ના ફોટાઓ આંખ સામે ભૂલમાં પણ આવી જાય ત્યારે પ્રભુભક્ત સૂરદાસ અને વિવેકાનંદની યાદ આવે છે. ધર્મ અને સંસ્કૃતિ અંગેના આપણા પ્રયત્નો સાવ જ વામણા પૂરવાર થઈ રહ્યા છે.

૨૧મી સદી આપણા પ્રયત્નો સામે કટાક્ષભર્યું હાસ્ય રેલાવી રહી છે. જે ઝડપથી ૨૧મી સદી આપણી તરફ ધસી રહી છે તેનાથી ફલિત થાય છે કે હવે ભાવિ પેઢીને બચાવવી તો દૂર

રહી, પણ વર્તમાન પેઢી પણ અનેકાનેક દૂષણોનો ભોગ બની ચૂકી છે. કદાચ તમારા ઘરમાં જ પ્રત્યેક વ્યક્તિના જીવનને તપાસશો તો ઝેર ખાઈને મરી જવાની ઈચ્છા થયા વિના રહે નહિ. આજનાં યુવાન-યુવતીઓ પશ્ચિમી સંસ્કૃતિના સિનેમા, વીડિયો, ટી.વી, સહશિક્ષણ, ડિસ્કો, ડ્રિન્ક્સ, ડ્રગ્સ, ફેશન, વ્યસન, કુસંગના રંગોમાં લીન બની ચૂક્યાં છે. આજના હીમેનોને ‘‘ધર્મ’’ શબ્દ પ્રત્યે અરુચિ પેદા થતી જાય છે. તેઓ ‘ધર્મ’ શબ્દનો અર્થ – ખાવું-પીવું અને મોજ-મજા કરવી એવો કરે છે. આવા સંજોગોમાં સાચી વાત સમજાવવી અને સમજાવ્યા બાદ આચરણમાં ઉતરાવવી તે આકાશમાંથી તારા તોડવા સમાન પ્રાયઃ દુઃશક્ય જણાય છે.

ચારે બાજુ દુરાચાર, અનાચાર, ભ્રષ્ટાચારનો વ્યાપ વધતો જાય છે ત્યારે ‘‘રાષ્ટ્ર બચાવો, સંસ્કૃતિ બચાવો, ધર્મ બચાવો’’નો નારો કોના કાને અથડાશે તે જ પ્રશ્ન છે. આવા સંયોગમાં આપણે શું કરવું? નદીના પૂરની વિરુદ્ધ દિશામાં જવું જેમ દુષ્કર છે તેમ જૈન સંઘના પ્રત્યેક સભ્યને સદાચારી અને ધર્માભિમુખ બનાવવો મુશ્કેલ છે, પરંતુ તેટલો જ આવશ્યક પણ છે. આ બધી પરિસ્થિતિમાંથી જૈન સંઘને બહાર કાઢવાની જવાબદારી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજની છે. જોકે પૂ. આચાર્ય ભગવંતો, મુનિ મહારાજો પોતાના પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ નુકસાન સામે ફાયદો નહિવત્ છે. ટી.વી. અને વીડિયોની અસર બાળમાનસ ઉપર એટલી બધી થઈ છે કે તેઓમાં ધર્મનાં બીજ રોપવાં પ્રાયઃ દુઃશક્ય છે. આજની પરિસ્થિતિથી સર્વ સંઘના મેમ્બરો ચિંતિત છે. હાલ વિશ્વ બચાવો, દેશ બચાવો કરતાં ધર્મ બચાવવો ખૂબ જ આવશ્યક છે. અને ધર્મ બચાવવો હોય તો પ્રથમ તમારું કુટુંબ બચાવો અને કુટુંબ બચાવવું હોય તો પ્રથમ તમારી જાતને

બચાવો. જો બધા પોતાની જાતને બચાવે તો રાષ્ટ્ર અને વિશ્વનો બચાવ સહજ થઈ જશે.

ઉપરોક્ત સ્થિતિમાં આપણે શું કરવું જોઈએ? તેની યોજના મૂકીએ છીએ. આ યોજના સાધ્વીજી મ.સા. ની અપેક્ષાએ લખેલ છે.

## શિબિર આયોજન :

સાધ્વીજી મ.સા. એક ગામથી બીજે ગામ વિચરતાં જાય છે અને અનેક ભાવુકોને ધર્મના ઉપદેશ વડે મોક્ષના અભિમુખ બનાવે છે પરંતુ ટી.વી.અને વીડિયોના જમાનામાં માણસોનાં લોહી ઠંડાગાર બની ચૂક્યાં છે તેથી ધારી અસર પડતી નથી. તેમાં સફળતા જેટલા અંશમાં પ્રાપ્ત થાય છે તેનાથી વધુ પ્રમાણમાં જમાનાવાદ તરફ જૈનસંઘના ભાઈ-બહેનો જઈ રહ્યાં છે. હવે બચાવવાનો રસ્તો શું? તે અંગે વિચારીએ તો ઘરને બચાવવું હોય તો ઘરના મુખ્ય સૂત્રધારને હાથમાં લેવા જોઈએ. જેમ લડાઈમાં રાજા ઉપર જીત મેળવે તો આખું રાજ્ય મળે તેમ ઘરમાં મુખ્યત્વે ઘરની સ્ત્રી જો સાચો ધર્મ સમજી જાય તો તેની અસર પિતા, પતિ અને પુત્રો ઉપર થયા વિના રહે નહિ. તેથી સાધ્વીજી મ.સા. જો બહેનો અને બાળિકાઓમાં સંસ્કારોનું સિંચન કરે તો તેની અસર ઘરમાં, કુટુંબમાં પડ્યા વિના રહે નહિ. ઘરમાં ધનપ્રાપ્તિની જવાબદારી પુરુષને સોંપાઈ છે જ્યારે સંસ્કાર અને પ્રેમનું કાર્ય સ્ત્રીને સોંપાયેલ છે. જો નાના બાળક ઉપર સુંદર દૃષ્ટાંત સહિત સમજાવટ દ્વારા સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો તે ભવિષ્યમાં સંઘ અને શાસનનો આદર્શ સેવક બની શકે. ખરા અર્થમાં માત-પિતાનો સાચો ભક્ત બને. દેવ-ગુરુનો ઉપાસક અને ધર્મનો રક્ષક બની શકે પરંતુ જો સંસ્કાર આપવામાં જરા

પણ કચાશ રાખવામાં આવે તો બાળક શેતાન બની માત-પિતાદિ સકળ કુળનો ભક્ષક બની જવા સુધી પહોંચી જાય. જમાનાવાદ, ભોગવાદના જમાનામાં જીવોને ધર્મમાં સ્થિર કરવા એ અત્યંત આવશ્યક બાબત છે.

જો ઈતિહાસમાં ૨૧મી સદીને અનાર્ય ચિતરવી ન હોય તો તૈયાર થાવ અને તૂટી પડો ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કાજેસ્તો.

પાંચ કે તેથી વધુ સાધ્વીજી મ.સા.નું ગ્રુપ ગામડે ગામડે વિચરે અને બાળિકા અને બહેનોને વ્યવસ્થિત ટ્રેનિંગ આપે તો આજે પણ સફળતા દૂર નથી. તેઓ ૧૫ દિવસ એક ગામડામાં રહે. ત્યાં પ્રથમ ૫ દિવસ બહેનો સમક્ષ વ્યાખ્યાન કરી શિબિરની ભૂમિકા તૈયાર કરવી. ત્યાંના ટ્રસ્ટીઓનો સંપૂર્ણ સાથ અને સહકાર લઈ તેઓને જ સંપૂર્ણ શિબિર સંચાલનની જવાબદારી સોંપવી. આજુબાજુના ગામમાં પણ પ્રથમથી જાહેરાત કરાવવી જોઈએ જેથી બહેનો વધુમાં વધુ સંખ્યામાં ભાગ લઈ શકે. શિબિરમાં જૈન ધર્મનો હાર્દ ૮-૧૦ દિવસમાં મૂકી દેવો જોઈએ. શિબિર ફક્ત નાની બાળિકા તથા બહેનો પૂરતી મર્યાદિત રાખવી. તેમાં ખૂબ નાની ઉંમરનાં બાળકોને આવવા દેવો ન જોઈએ. શિબિરના દિવસો ગામના ટ્રસ્ટી તથા કાર્યકરને પૂછીને નક્કી કરવા જોઈએ. આમ એક ગામમાં ૧૫-૧૫ દિવસ જો સાધ્વીજી મ.સા. રહે તો ચોમાસા સિવાયના કાળમાં ૧૪થી ૧૬ ગામમાં વ્યવસ્થિત ધર્મનો પ્રચાર શક્ય બને. આવાં સાધ્વીજી મ.સા.નાં જો ૧૦૦ ગ્રુપ તૈયાર થાય તો એક વર્ષમાં ૧૬૦૦ ગામડાંઓ અને દસ વર્ષમાં ૧૬૦૦૦ ગામડાઓ તૈયાર થઈ શકે વળી જો અવગ્રહ વ્યવસ્થા ગોઠવે તો એક સાધ્વીજી મ.સા.નું ગ્રુપ એક જિલ્લો સાચવે તો ખૂબ જ ઉત્કૃષ્ટ પરિણામ આજે પણ શક્ય છે. સાધ્વીજીએ પણ સંપૂર્ણ

સંયમજીવનની મર્યાદામાં રહીને પોતાના આધારે અને વર્તન વડે શિબિરનું આયોજન કરવું જોઈએ.

## ધાર્મિક શિબિરનું મહત્વ :

(૧) સંપૂર્ણ જૈન ધર્મથી અપરિચિત વ્યક્તિઓને જૈન ધર્મનું સામાન્યજ્ઞાન આપવા દ્વારા સાચા માર્ગે લાવી શકાય છે.

(૨) જે સામાન્યથી પણ ધર્મ જાણતો હોય તેને આગળ વધારવામાં મદદ કરી શકાય.

(૩) ૧૨ વ્રતો સમજાવી સુશ્રાવક-શ્રાવિકા બનાવી શકાય છે.

(૪) મોક્ષની તલપ ઊભી કરાવી શકાય છે.

(૫) વિજ્ઞાનાદિ દ્વારા જૈન ધર્મની સત્યતાની સિદ્ધિઓ સમજાવી શકાય છે.

(૬) સાત ક્ષેત્રની વ્યવસ્થાની સમજ આપી શકાય છે.

(૭) હેય-ઉપાદેય-જ્ઞેયની સમજણ આપી શકાય છે.

(૮) સેંકડો યુવા-યુવતીઓએ શિબિર દ્વારા શિક્ષણ લઈને સંયમમાર્ગે પ્રયાણ કર્યું છે.

## શિબિર અંગે સૂચનાઓ :

(૧) ૧૫ વર્ષથી ઉપરની ઉંમરવાળાં બહેનોએ સાડી ફરજિયાત પહેરવી.

(૨) બધાએ સફેદ વસ્ત્રો પહેરવાં આવશ્યક છે.

(૩) પૂજા-સામાયિકનાં કપડાં અને ઉપકરણો સાથે લાવવાં.

(૪) દરેક કાર્યક્રમમાં શિસ્ત રાખવું જરૂરી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક પગલા લેવાશે.

(૫) ફરિયાદ હોય તો સંચાલકશ્રીને અથવા તમારા લીડરને ધ્યાનમાં લાવવી.

(૬) તમારા સાથ અને સહકારથી શિબિરની સફળતા શક્ય બનશે.

(૭) નોટ અને પેન સાથે લાવવી જરૂરી છે.

(૮) શિબિર દેરાસરની પાસે હોય તો ઉત્તમ ગણાય.

(૯) શિબિરના ખર્ચ અંગે પહેલેથી વિચારણા કરી લેવી.

(૧૦) શિબિરના આયોજન અંગે આજુબાજુના ગામમાં આમંત્રણ તથા પેમ્ફલેટ મોકલવાં.

(૧૧) ઓછામાં ઓછી ૭ દિવસની શિબિર કરવી જોઈએ.

(૧૨) શિબિર શરૂ થતાં પૂર્વે કાર્યકરોને કાર્યની વહેંચણી શિબિરના ત્રણ દિવસ પૂર્વે કરી દેવી જોઈએ.

(૧૩) શિબિરના વ્યાખ્યાન હોલાદિને શણગારવો જોઈએ. તથા શિબિર અંગેનું કાપડનું બોર્ડ મૂકવું જોઈએ.

(૧૪) કેસર-બરાસ વગેરે સસ્તી કિંમતથી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

(૧૫) નાની સ્પર્ધાઓનાં ઈનામ રોજનાં રોજ આપી દેવાં જોઈએ. (પહેલા નંબરનું ઈનામ છેલ્લા દિવસે મેળાવડામાં આપવાનું રાખવું.)

(૧૬) શિબિરના પહેલે દિવસે જ દસ દિવસમાં ક્યા દિવસે કઈ સ્પર્ધા તેનું પેમ્ફલેટ જાહેર કરવું તથા વ્યાખ્યાનમાં સ્પર્ધાની સમજ આપવી.

## આયોજન સમિતિ :

**(૧) શિબિર સંચાલક :** જેની પાસે સભાને સંબોધવાની તથા

સંચાલન કરવાની શક્તિ હોય તેની પ્રથમથી નિમણૂક કરવી. તેઓની જવાબદારી બીજી સમિતિ પણ બરોબર કામ કરી રહી છે કે નહિ તેનું ધ્યાન રાખવાની છે.

**(૨)** ભોજનશાળા ત્રણેય સમય નાસ્તો-જમણની સુંદર વ્યવસ્થા કરાવવી. તેમાં ખાસ ભક્ષ્યાભક્ષ્યનાં જાણકારને તથા જે ચુસ્ત હોય તેને સોંપવું.

**(૩) કેશીયર :** ખર્ચ અને આવકનું બરોબર ધ્યાન રાખે તથા શિબિરાર્થીઓનાં જોખમને પણ સાચવી શકે તેવા કેશીયરની વ્યવસ્થા કરવી.

**(૪) લીડર :** જે શિબિરાર્થીઓ સમયસર તૈયાર ન થાય તેઓને સમયસર તૈયાર કરીને મોકલવા. તથા તેઓની તકલીફ સાંભળી દૂર કરવા પ્રયત્ન કરવો.

**(૫) શિલ્ડવિતરણ :** જે બાળકો શિબિરમાં ભાગ લે તેઓની નોંધ રાખવી અને જેઓની પાંચ શિબિર થાય તેઓને ચાંદીનો શિલ્ડ તથા જેઓને ૮ શિબિર થાય તેઓને સુવર્ણ શિલ્ડ આપવો જોઈએ.

**(૬) આયોજન સમિતિ :** સંચાલક સાથે બેસી સંપૂર્ણ આયોજનની વ્યવસ્થા કરવી.

**(૭) પરીક્ષા-સ્પર્ધા સમિતિ :** આ સમિતિએ પરીક્ષા અને સ્પર્ધાઓની સમયસર અને નિષ્પક્ષ વ્યવસ્થા કરવી.

## ધાર્મિક સ્પર્ધાઓ :

(૧) આંગી સ્પર્ધા (૨) સાથિયા સ્પર્ધા (૩) નંદાવર્ત સ્પર્ધા (૪) સ્મરણશક્તિ સ્પર્ધા (૫) રત્નાકર પચ્ચીસી સ્પર્ધા (૬) અરિહંત વંદનાવલી (૭) અમૃતવેલની સઝાય (૮) વેશભૂષા (૯) એક

પાત્રીય અભિનય (૧૦) સંવાદ (૧૧) ચાંદલા સ્પર્ધા (૧૨) ૨૭ ડંકાની સ્પર્ધા (૧૩) સ્તુતિ સ્પર્ધા (૧૪) ૧૪ રાજલોક વગેરે ચિત્ર બનાવવાં (૧૫) નવકારમંત્ર-લોગસ્સ શુદ્ધ લખાવવાની સ્પર્ધા (૧૬) પોઈન્ટ સીસ્ટમ (પાછળ આપી છે.) (૧૭) ક્વીઝ (૧૮) શિબિર દરમ્યાન વધુ સામાયિક કરવાની સ્પર્ધા (૧૯) શિબિર દરમ્યાન વાચના સિવાયના સમયમાં વધુ નવકારવાળી ગણવાની સ્પર્ધા (૨૦) સરપ્રાઈઝ પ્રાઈઝ (૨૧) નાટકસ્પર્ધા (ધર્મ અને સંસ્કૃતિ ઉપર) (૨૨) નિબંધ સ્પર્ધા (૨૩) વક્તવ્ય સ્પર્ધા (૨૪) યાદશક્તિ સ્પર્ધા (શતાવધાની પ્રયોગ) (૨૫) રંગોળી સ્પર્ધા (૨૬) માનવપ્રેમ (૨૭) પશુપ્રેમ (૨૮) શિબિરના વિષયો ઉપર પ્રશ્નપેપર (૨૯) સંગીત સ્પર્ધા (૩૦) Bestboy/girl of the sibir (૩૧) દાંડિયા સ્પર્ધા (૩૨) જુનાં સૂત્ર શુદ્ધ સંભળાવવાની સ્પર્ધા (૩૩) દેરાસર શુદ્ધિ (૩૪) ઓછામાં ઓછા ચોખાથી સાથિયો કરવાની સ્પર્ધા (૩૫) કાચ-થર્મોકોલ વગેરેનું દેરાસર બનાવવાની સ્પર્ધા (૩૬) પૂજાની પેટી શણગારવાની સ્પર્ધા (૩૭) ફૂલસ્કેપ કાગળ ઉપર સુંદર સુવાક્ય લખાવવાની સ્પર્ધા (૩૮) વિકૃતિઓ ઉપર કટાક્ષ કરતું ચિત્ર બનાવવાની સ્પર્ધા (૩૯) સૂત્રની અંતકડી (૪૦) ગહુંલી બનાવવાની સ્પર્ધા (૪૧) મોનો-એકટીંગ સ્પર્ધા (૪૨) ઉખાણાં સ્પર્ધા (૪૩) પ્રાસ શબ્દ શોધ સ્પર્ધા (૪૪) થાળી ફેરવવાની સ્પર્ધા (૪૫) સ્તવન-સજ્ઝાય સ્પર્ધા (૪૬) Waste માંથી Best (૪૭) અષ્ટપ્રકારી પૂજાના દુહા મોઢે કરવાની સ્પર્ધા (૪૮) નવાંગી દુહા મોઢે કરવાની સ્પર્ધા (૪૯) ભક્તામર સુંદર રાગમાં બોલે તેની સ્પર્ધા (૫૦) ગીત સ્પર્ધા (૫૧) આરતી સ્પર્ધા (૫૨) જનરલ નોલેજ પ્રશ્નો પૂછવાની સ્પર્ધા (૫૩) એક ફૂલસ્કેપ પ્રમાણ ધાર્મિક વાર્તા સ્પર્ધા (૫૪) વંદિત્તાની ગાથાના નંબર ઉપરથી ગાથા બોલાવવાની સ્પર્ધા (૫૫) સુંદર પ્રશ્ન પૂછવાની સ્પર્ધા.

## શિબિરનો કાર્યક્રમ

સવારે ૫.૦૦ વાગે ઊઠવાનું

સવારે ૫.૩૦ થી ૬.૦૦ યોગાસન

સવારે ૬.૧૫ થી ૬.૩૦ શાસન વંદના

સવારે ૬.૩૦ થી ૭.૩૦ સામાયિકમાં અષ્ટપ્રકારી અને નવાંગી દુહા ગોખાવવા

સવારે ૭.૩૦ થી ૮.૧૫ નવકારશી

સવારે ૮.૧૫ થી ૯.૪૫ અષ્ટપ્રકારી પૂજા

સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ વાચના, ગીત, સૂચનો

બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ ભોજન

બપોરે ૧.૩૦ થી ૨.૦૦ આરામ

બપોરે ૨.૦૦ થી ૨.૪૫ પ્રભુભક્તિ

બપોરે ૨.૪૫ થી ૪.૦૦ રામાયણ કે મહાભારત

બપોરે ૪.૦૦ થી ૫.૩૦ વિવિધ સ્પર્ધાઓ

સાંજે ૫.૩૦ થી ૬.૩૦ અલ્પાહાર

સાંજે ૬.૩૦ થી ૭.૧૫ મુક્તવિહાર

રાત્રે ૭.૧૫ થી ૮.૧૫ આરતી-ભાવના

રાત્રે ૮.૧૫ થી ૯.૪૫ કુટુંબ મેળો-સાંસ્કૃતિક કાર્યક્રમ

રાત્રે ૯.૪૫ થી ૧૦.૦૦ સંચાલક સાથે મુક્ત વિચારણા

રાત્રે ૧૦.૦૦ થી ૫.૦૦ સ્વપ્ન દર્શન-શિબિરના વિષય

## શિબિરના વિષય

(૧) માર્ગાનુસારિના ૩૫ ગુણો (૨) શ્રાવકજીવનની દિનચર્યા (૩) શ્રાવકના ૨૧ ગુણો (૪) જૈન ઇતિહાસ (૫) જૈન તત્ત્વજ્ઞાન (૬) ચિત્રપટ (૭) જૈનવિજ્ઞાન (૮) જૈન ભૂગોળ (૯) જીવવિચાર (૧૦) નવ તત્ત્વ (૧૧) પ્રશ્નોત્તરી (૧૨) કર્મવાદ (૧૩) સૂત્રાર્થ (૧૪) રાષ્ટ્રપ્રેમ (૧૫) દેવલોકની સફરે (૧૬) નરક દર્શન (૧૭) પંચસૂત્ર (૧૮) જીવનઘડતર (૧૯) પ્રેકટીકલ (૨૦) ૪ ધ્યાન (૨૧) ભાષ્યત્રયમ્ (૨૨) જીવનો વિકાસક્રમ (૨૩) અભક્ષ્ય-અનંતકાય (૨૪) શેત્રુંજય ભાવયાત્રા (૨૫) સકલતીર્થનું રહસ્ય (૨૬) પરમાત્માની પૂજાનાં રહસ્યો (૨૭) યુવાશક્તિ ધારે તો શું કરી શકે? (૨૮) ૧૨ ભાવના (૨૯) ૪ ભાવના (મૈત્રી આદિ) (૩૦) બાળ ઉછેર (૩૧) અધ્યાત્મની અટારીએથી (૩૨) જયણા જીવનમાં (૩૩) જૈન આચાર (૩૪) ષડ્ આવશ્યક (૩૫) ધમ્મં શરણં પવજ્જામિ (૩૬) સમ્યગ્દર્શનની મહત્તા (૩૭) આનંદઘન ચોવિશી (૩૮) વિપદઃ સન્તુ નઃ શાશ્વત્ (૩૯) કર્મબંધના હેતુઓ (૪૦) આત્મા (૪૧) ખુમારી (૪૨) પ્રતિક્રમણ વીથ કોમેન્ટ્રી.

## વકતૃત્વસ્પર્ધા અને નિબંધસ્પર્ધાના વિષય

(૧) મારો પ્યારો જૈન ધર્મ (૨) પરમાત્મા મહાવીરદેવ (૩) શિબિર દ્વારા મને શું લાભ થયો? (૪) મારા જીવનનો આદર્શ (૫) ફેશન અને વ્યસન (૬) મારે કંઈક કહેવું છે (૭) ટી. વી. અને વીડિયોનાં તોફાન (૮) આજની પાઠશાળા (૯) માતા-પિતાનાં ઉપકાર (૧૦) રાષ્ટ્ર પ્રત્યે મારી ફરજ (૧૧) આજના સાધર્મિક (૧૨) વિજ્ઞાનથી થતા લાભ અને નુકશાન (૧૩) આત્મસિદ્ધિ (૧૪) જિનશાસનના અજબ સિતારા (૧૫) નવકારમંત્રની મહાનતા (૧૬) સામાયિકમાં સમતાભાવ (૧૭) કષાય નાબુદીનો ઉપાય

(૧૮) મોક્ષ એટલે શું? (૧૯) સાધુજીવન શા માટે? (૨૦) કર્મની કરામત (૨૧) સાત ક્ષેત્રની વ્યવસ્થા (૨૨) પરમાત્માની પૂજાનું મહત્ત્વ (૨૩) અભયદાન એ જ શ્રેષ્ઠદાન (૨૪) શાકાહાર શ્રેષ્ઠ આહાર (૨૫) ગુણવાન બનો (૨૬) રાજાશાહી v/s લોકશાહી (૨૭) જૈન ધર્મનાં રહસ્યો (૨૮) જૈન ધર્મ મેરી દૃષ્ટિમેં (૨૯) જો હું શિબિરનો સંચાલક હોઉં તો? (૩૦) જૈન મુનિ (૩૧) શિક્ષણ-સંસ્કાર.

## પ્રેકટીકલ

(૧) સામાયિક લેતાં અને પાળતાં શીખડાવવું.

(૨) મુહપત્તિનાં ૫૦ બોલ

(૩) સ્થાપનાચાર્યના ૧૩ બોલ

(૪) ૧૭ સંડાસાપૂર્વક ખમાસમણું

(૫) પાંચ જ્ઞાનનાં ખમાસમણાં

(૬) અષ્ટપ્રકારી પૂજાના દુહા સહિત અષ્ટપ્રકારી પૂજા

(૭) નવાંગી પૂજાના દુહાસહિત પ્રભુ પૂજા

(૮) વિધિપૂર્વક ગુરુવંદન

(૯) ૩ પ્રદક્ષિણાના દુહા

(૧૦) વાંદણાં

(૧૧) ચૈત્યવંદન

(૧૨) જુદા જુદા સૂત્રની મુદ્રાદર્શન

## અન્ય કાર્યક્રમ

(૧) સ્નાત્ર મહોત્સવ (૨) પ્રભાતફેરી (૩) ભાવના (૪)

હોસ્પિટલ કે સ્કૂલમાં ફળાદિનું વિતરણ (૫) સાલંબન ધ્યાન (૬) મહાપૂજા (૭) કુમારપાળની આરતી (૮) હિંસક વસ્તુ અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રનું જાહેર પ્રદર્શન (૯) સામૂહિક પ્રતિક્રમણ (૧૦) રોજનું જાહેર પ્રવચન ૩ થી ૪ઃ૧૫ (૧૧) દેરાસર-ઉપાશ્રયશુદ્ધિ (૧૨) રોજ ૧૨ લોગસ્સનો શાસનરક્ષાનિમિત્તે કાઉસ્સગ્ગ (૧૩) વિશિષ્ટતપ કરનારને બહુમાન (૧૪) થાળી ધોઈને અને લૂંછીને સ્થાને મૂકનારનું બહુમાન (૧૫) કાર્યકરોનું બહુમાન (૧૬) નવકારમંત્રની રોજ અડધો કલાકની વિશિષ્ટ આરાધના (૧૭) છેલ્લા દિવસે ઈનામી મેળાવડો રાખવો.

## પોઈન્ટ સિસ્ટમ.

| | પોઈન્ટ |
|---|---|
| (૧) સવાર સાંજ ૧૨ નવકાર | ૨૦ |
| (૨) પ્રભુદર્શન પછી જ દાતણ | ૨૦ |
| (૩) માત-પિતાને પ્રણામ | ૩૦ |
| (૪) નવકારશી | ૪૦ |
| (૫) ઉકાળેલું પાણી | ૧૦૦ |
| (૬) પરમાત્માની પૂજા | ૫૦ |
| (૭) અષ્ટપ્રકારી પૂજા | ૧૦૦ |
| (૮) આંગી | ૫૦ |
| (૯) ચૈત્યવંદન | ૫૦ |
| (૧૦) ગુરુવંદન | ૫૦ |
| (૧૧) બીયાસણું | ૫૦ |

| | | |
|---|---|---|
| (૧૨) | એકાસણું | ૭૦ |
| (૧૩) | એક લુક્ખી રોટલી વાપરવી | ૨૦ |
| (૧૪) | થાળી ધોઈને પીધી અને લૂંછી | ૪૦ |
| (૧૫) | ૧૦૮ નવકાર | ૨૦ |
| (૧૬) | ટી. વી. અને વીડિયો ત્યાગ | ૧૫૦ |
| (૧૭) | સામાયિક દીઠ | ૩૦ |
| (૧૮) | ગાથા દીઠ | ૧૦ |
| (૧૯) | કંદમૂળત્યાગ | ૫૦ |
| (૨૦) | રાત્રિભોજન ત્યાગ | ૧૫૦ |
| (૨૧) | કાર્યક્રમમાં સંપૂર્ણ મૌન | ૧૨૦ |

શિબિરના દિવસ દરમ્યાન જે જે અનુષ્ઠાન કર્યું હોય તેનો સરવાળો કરી શિબિરનાં પ્રથમ ૧૦ વિદ્યાર્થીને ઇનામ આપવું જોઈએ.

આ રીતે જે સાધ્વીજી મ.સા. શિબિરનું સંચાલન કરે તેઓએ સંઘની સાથે બેસીને શિબિરની સંપૂર્ણ વ્યવસ્થા અને ખર્ચ અંગે વિચારણા કરવી. તેમાં જો એક વ્યક્તિ કે સંઘ ખર્ચ ઉપાડી લે તો તે પ્રમાણે ખર્ચ અંગેની વ્યવસ્થા કરવી. તેમાં ભોજનખર્ચ, ઉતરવાની વ્યવસ્થા ખર્ચ, ઈનામ વગેરે વાત ઉપર વિચારણા કરવી જોઈએ. આવી શિબિરો માટે શ્રીમંતોએ પણ દાન દ્વારા પ્રોત્સાહન આપવું જોઈએ. જે સાધ્વીજી મ.સા. પોતે આ રીતે શિબિરોનું આયોજન કરે તેઓને એક શિબિરદીઠ રૂ.૧૦૦૦થી વધુ રકમનાં ઇનામો મોકલવામાં આવે અને ઈનામી સમારંભમાં સંઘ તરફથી જે ઇનામો અપાય તેમાં રૂ. ૧૦૦૦/- ઉમેરવા.

જેથી ઇનામો વધવાથી શિબિરાર્થીઓના ઉત્સાહમાં વધારો થાય છે. રોજની સ્પર્ધાઓનાં ઇનામો બીજે દિવસે આપી દેવાં જોઈએ. જેથી બીજી સ્પર્ધાઓમાં ઉત્સાહ વધતો જાય, સાધ્વીજી મ.સા. જ્યાં પણ શિબિરો કરે તે તપોવન સંસ્કારધામને જણાવે. તેથી શિબિરની પૂર્ણાહુતિ પૂર્વે ઇનામ પહોંચાડી દેવામાં આવે. અને કોઈ શ્રીમંત આ યોજનામાં ૧ શિબિરના રૂ.૧૦૦૦/-થી વધુ પ્રમાણમાં દાન આપે તો કાર્ય ખૂબ જ સરળ બને. દાનની રકમ આવા શુભ કાર્યમાં વાપરવી જોઈએ. જ્ઞાનશિબિર દ્વારા જીવ સાચું જાણે છે. તેના ફળ સ્વરૂપે સુંદર આચરણ બને છે. જે જ્ઞાન જન્મનો અંત લાવે છે તે જ સાચું જ્ઞાન કહેવાય. અનંતકાળથી ભમતા જીવને આત્મામાંથી પરમાત્મા બનવું હોય તો સમ્યગ્જ્ઞાનની જરૂર છે અને તે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ આવી શિબિરોથી થાય છે. તેથી પૂ. સાધુ-સાધ્વી મ.સા. તથા કોઈ મંડળે પણ આવી શિબિરનું આયોજન કરવું જોઈએ. જો આવી શિબિરનું આયોજન ગામે-ગામ થવા લાગે તો આજે પણ અભ્યુદયકાળ શક્ય છે.

જો ઘરમાં એક આત્માનો જ્ઞાન રૂપી દીવડો કોઈ સાધુ, સાધ્વી કે પાઠશાળાના શિક્ષક વડે પ્રગટશે તો તે દીવડા વડે પોતાના કુટુંબ, પોતાના ગામડાના તથા રાષ્ટ્રના દીવડાઓને પ્રગટાવવાનું કાર્ય થશે. કદાચ શિબિરમાંથી કોઇ એકાદ પણ સંયમી મહાત્મા બનશે જે સકલ સંઘનું ભવિષ્યમાં નેતૃત્વ લેશે. કદાચ કોઈ એકાદ પણ ખુમારીવંત યુવાન મળશે જે સકલ શ્રાવક-શ્રાવિકા સહિત સંઘ રક્ષા માટે પોતાનું કૌવત દાખવશે. કદાચ કોઈ યુવાન જૈન સંઘની સંપત્તિઓને બચાવવામાં મદદ કરશે.

## ધાર્મિક શિક્ષણ શિબિરથી થતા ફાયદાની ઝલક

સાધ્વીજી મ.સા.ની શિબિર દ્વારા તૈયાર થયેલ બહેનો-

(૧) ભવિષ્યમાં સાધ્વી બની અને કોઇકના જીવનના જીર્ણોદ્ધાર દ્વારા સ્વ-પરનું કલ્યાણ સાધશે.

(૨) જ્યાં જશે ત્યાં ગુણોની સુવાસનો અનુભવ કરાવશે.

(૩) ૧૨ વ્રતોને સમજી જૈનશાસનની મહાન્ શ્રાવિકા બનશે.

(૪) શીલ અને સદાચાર બહાર ભડકે બળે છે ત્યારે શીલ અને સદાચાર દ્વારા મહાસતી બનવા પ્રયત્ન કરશે.

(૫) સંસારમાં રહેવું પડે તો પોતાનાં સાસુ-સસરાનું પોતાનાં માતા-પિતાની જેમ જ વિનય-બહુમાન કરશે.

(૬) પોતાનાં સંતાનોમાં ગર્ભકાળથી સુસંસ્કારનું પાન કરાવશે.

(૭) સામાયિક મંડળાદિ ચલાવી વધુ ને વધુ સંખ્યામાં બહેનોને ધર્મમાં જોડશે.

(૮) નિંદા અને શાસનહીલનાની કોઈપણ પ્રવૃત્તિથી તે ૧૦૦ ગજ દૂર રહેશે.

(૯) જો પોતાની શક્તિ હોય તો બહેનો માટે શિબિરો પોતે પણ ચલાવશે.

(૧૦) પૂજાનાં મંડળો ચલાવશે અને તેમાં પણ સંપૂર્ણ જમાનાવાદનો ત્યાગ કરશે.

(૧૧) જો બહેનો વ્યવસ્થિત તૈયાર થાય તો વડીલોની સેવિકા, દેવ-ગુરુની ઉપાસિકા, મર્યાદાઓની પાલિકા બનશે.

(૧૨) ધર્મના રક્ષકને પેદા કરનારી, પોતે પણ ધર્મરક્ષિકા બની શકશે.